| | | |
|---|---|---|
| | દાખલ તારીખ | ૦૭–૦૧–૨૦૧૬ |
| | રજીસ્ટરે લીધાતારીખ | ૦૭–૦૧–૨૦૧૬ |
| | ફેંસલ તારીખ | ૨૮–૦૪–૨૦૨૬ |
| | સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૧૦ ૦૩ ૨૧ |

**મે. રાણાવાવના જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની અદાલતમાં,**
**મું. રાણાવાવ.**

**ફોજદારી કેસ નંબર :૩૨/૨૦૧૬**
આંક–

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિ રૂ ઘ્ધ**

આરોપી : **રમેશભાઈ વેજાભાઈ મકવાણા**

ઉ.વ.૩૭

રહે.મુળ:રાવલ,

હાલ: ભોદ ગામ, કાંકરીના એરીયામાં.

| | | |
|---|---|---|
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ ની કલમ–૧૮૩,૧૮૪,૧૭૭, ૧૩૪ મુજબ... |

.....................................................................................................

ફરીયાદપક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે.એલ.ઓડેદરા

આરોપી..........તરફે : વિ. વકીલ શ્રી આર.બી.જેઠવા

.....................................................................................................

**<u>॥ ઠ રા વ ॥</u>**

**<u>(૧). ફરીયાદપક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત :</u>–** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૨૭/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩/૩૦ ના સમયે રાણાવાવ–કુતિયાણા જતા રોડ ઉપર આશાબા પીરના પાટીયા નકજી પોતાના કબ્જા–હવાલાવાળી ટ્રક નં.GJ-11-U-8887 ની હાઈવે રોડ ઉપર રોંગ સાઈડમાં પુરઝડપે, ગફલતભરી રીતે, માનવ જીંદગી જોખમાય તે રીતે કોઈ સિગ્નલ આપ્યા વગર ચલાવી ફરીયાદીની વેગનઆર કાર નં.GJ-03-FK-7979 સાથે ભટકાવી અકસ્માત કરી ફરીયાદી તથા સાહેદોને ફ્રેકચરની ઈજાઓ કરી નાશી જઈ અને તા.૦૮/૧૧/૧૫ નાં કલાક ૧૮/૩૦ વાગ્યે પકડાઈ જઈને ગુનો કરેલ. જે અકસ્માતના ગુનાની ફરીયાદ આ કામનાં ફરીયાદી એ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં આપતા સદર ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૮૩,૧૮૪,૧૭૭, ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદર ગુનાની તપાસ હાથ ધરેલ અને તે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**<u>(૨). ગુના નું સંજ્ઞાન :</u>–** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલત માં આરોપી વિરૂધ ચાર્જશીટ રજૂ કરતા, સંહિતાની કલમ–૧૯૦ (૧) (બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હા અંગે નું સંજ્ઞાન લઈ સંહિતા ની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢતા આરોપી હાજર થયેલ હતા, તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સ ની નકલો વિના મૂલ્યે પુરી પાડેલ અને આરોપી સામે સદર ગુના ની **આંક–૦૩ થી પ્રાથમિક જવાબ/પ્લી (નિવેદન)** લેતા ગુન્હા નો ઈન્કાર કરેલ, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

**(૩). પુરાવો :**– ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે :–

**–: મૌખિક પુરાવા:–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૬ | રમેશ વેજાભાઈ જોડ | પંચસાહેદ |
| (૨) | ૦૮ | સમીરભાઈ રઝબઅલી | પંચસાહેદ |
| (૩) | ૧૨ | વિશાલભાઈ યોગેન્દ્રભાઈ ભટ્ટ | ફરીયાદી |
| (૪) | ૧૫ | કિશોરભાઈ લખમશીભાઈ કારીયા | સાહેદ |
| (૫) | ૧૬ | મીનાબેન કિશોરભાઈ કારીયા | સાહેદ |
| (૬) | ૧૮ | જયપ્રકાશ રામજીભાઈ રૈયાણી | સાહેદ |
| (૭) | ૨૦ | સાહીદ મામદભાઈ આડતીયા | સાહેદ |
| (૮) | ૨૯ | ભીખાભાઈ ટીનાભાઈ બાલસ | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| (૨) | ૧૩ | અસલ એફ.આઈ.આર. |
| (૩) | ૩૧–૩૨ | ઈજા પામનારાઓના ઈજા અંગેના સર્ટીફીકેટર્સ |

**(૪). વિશેષ નિવેદન :**– આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ મૌખીક વિનંતી થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરતા આ કામે રજુ થયેલ પુરાવો જોતાં ક્રિ. પ્રો. કોડ ની કલમ–૩૧૩ અન્વયે તેમની વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે તેમજ સોગંદ ઉપર પુરાવો આપવો

કે બચાવ માં સાહેદ તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૫). દલીલ :- આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે આંક-૦૬ થી તપાસવામાં પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ કામે આંક-૧૨ થી ફરીયાદીએ તેમના પુરાવામાં અકસ્માતનો બનાવ સને-૨૦૧૫ ની સાલમાં પોરબંદર થી રાજકોટ જતા હતા ત્યારે બનેલ હોવાનું અને બનાવ સ્થળે ટ્રક રોંગ સાઈડમાં આવેલ હોવાનું અને બનાવ સ્થળે આરોપી નાશી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ફરીયાદી એ તેમની આંક-૧૩ વાળી ફરીયાદમાં બધીજ હકીકતો જણાવેલ અને તેમના વિશેષ નિવેદનમાં આરોપીનું નામ પણ જણાવેલ છે. આ કામે ઈજા પામનાર સાહેદ કિશોરભાઈને તપાસવામાં આવેલ છે, તેઓએ અકસ્માતના બનાવની હકીકતને સમર્થન આપેલ છે અને ટ્રક ૭૦ થી ૮૦ ની સ્પીડમાં આવેલાનું પણ જણાવેલ છે અને ટ્રક ડ્રાઈવર અકસ્માત બાદ ભાગી ગયેલાનું જણાવેલ છે. આ કામે ઈજા પામનાર સાહેદ મીનાબેનને પણ અકસ્માતના બનાવની હકીકતોને સમર્થન આપેલ છે અને આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને ટ્રક રોંગ સાઈડમાં આવેલાનું પણ જણાવેલ છે. જયારે સાહેદ જયપ્રકાશ રૈયાણીએ બનાવની તારીખ અને ટ્રક દ્વારા અકસ્માત થયેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, આ કામે તપાસવામાં આવેલ ત.ક.અમલદારે તેઓની તપાસની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે. વધુમાં, તેઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામે આરોપીએ ટ્રક રોકવાનો પ્રયત્ન કરેલ હોય, તેવા કોઈ નિશાન બનાવ સ્થળે નથી. આંક-૩૧ તથા ૩૨ થી રજુ ઈન્જરી સર્ટીફીકેટમાં હીસ્ટ્રીમાં બનાવની વિગતો જણાવેલ છે. આમ, આરોપીનું કૃત્ય બેદકારીભર્યુ છે, આરોપીએ સાહેદોને ઈજાઓ કરેલ છે અને કાયમી ખોડખાપણ કરેલ છે. ફરીયાદપક્ષે રજુ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે

સાબિત કરેલ હોય, આ કામે રજુ પુરાવો ધ્યાને લઈ હીટ એન્ડ રનના કેસમાં કડક વલણ રાખી આરોપીને સજા કરવા અરજ ગુજારેલ છે.

આ કામે **<u>આરોપી/બચાવપક્ષ તરફે તેમના વિ.વ. શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે,</u>** આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે, જેથી આ કામે રજુ પંચનામુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી ને ગાડી નંબર યાદ નથી, તેવી હકીકત જણાવેલ છે. વધુમાં, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોને ટ્રકના નંબર ખબર ન હોય આરોપી આ હતા તે જણાવી શકેલ નથી, જેથી તમામ હકીકતો ધ્યાને લઈ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

**<u>(૬). મુદદાઓ :</u>–** ફરીયાદ હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુ દ્દા ઓ ::–</u>**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૨૭/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩/૩૦ ના સમયે રાણાવાવ–કુતિયાણા જતા રોડ ઉપર આશાબા પીરના પાટીયા નકજી પોતાના કબ્જા–હવાલાવાળી ટ્રક નં. GJ-11-U-8887 ની હાઈવે રોડ ઉપર રોંગ સાઈડમાં પુરઝડપે, ગફલતભરી રીતે, માનવ જીંદગી જોખમાય તે રીતે કોઈ સિગ્નલ આપ્યા વગર ચલાવી ફરીયાદીની વેગનઆર કાર નં.GJ-03-FK-7979 સાથે ભટકાવી અકસ્માત કરી ફરીયાદી તથા સાહેદોને ફ્રેકચરની ઈજાઓ કરી

નાશી જઈને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

**(૭). મુદદા ના જવાબો :– સદર** મુધ્દાઓ પરત્વે આ કોર્ટ નો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**ઉપરોકત નિર્ણયો ના મારા કારણો નીચે મુજબ.**

**(૮). ન્યાયશાસ્ત્ર નો સિધ્ધાંત :–** ન્યાયશાસ્ત્ર ના સ્થાપિત સિધાન્ત મુજબ 'પુરવાનુ મુલ્યાંકન' શબ્દને પુરાવાના કાયદામાં કયાંચ વ્યાખ્યાલબ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનુ મુલ્યાંકન કઈ રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજાગો પર આધારીત હોય છે. પુરાવા નું મુલ્યાંકન નો આધાર પુરાવાના કાયદા ની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહી માં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાના કેસ ની હકીકતો શંકાથી પરે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહી ના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી પરંતુ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ નું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ રજુ થયેલી બાબતો પર થી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત

જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તિત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય ઉપરોકત સિધ્દાન્તો ધ્યાને લઈ આ કેસની હકીકતોનુ નિરીક્ષણ કરવાનુ રહે છે.

<u>**(૯). મુદદા નં.૦૧ :**</u>– મુદા નંબર–૦૧ ની ચર્ચા કરીયે તો તેમા ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવાનુ છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૨૭/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩/૩૦ ના સમયે રાણાવાવ–કુતિયાણા જતા રોડ ઉપર આશાબા પીરના પાટીયા નકજી પોતા ના કબ્જા–હવાલાવાળી ટ્રક નં.GJ-11-U-8887 ની હાઈવે રોડ ઉપર રોંગ સાઈડમાં પુરઝડપે, ગફલતભરી રીતે, માનવ જીંદગી જોખમાય તે રીતે કોઈ સિગ્નલ આપ્યા વગર ચલાવી ફરીયાદીની વેગનઆર કાર નં.GJ-03-FK-7979 સાથે ભટકાવી અકસ્માત કરી ફરીયાદી તથા સાહેદોને ફ્રેકચરની ઈજાઓ કરી નાશી જઈને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? આમ, આ મુદા ની રચના અને તેનો પ્રકાર જોતા નિશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ના માથે રહેલો છે. હવે આ બાબતે પ્રથમ ફરીયાદ પક્ષ નો પુરાવો વંચાણે લેવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

**(૯.૧).** આ કામે આરોપી વિરૂધ્ધનો ગુનો સાબિત કરવા માટે સૌપ્રથમ, <u>**પંચસાહેદ રમેશ વેજાભાઈ જોડને આંક–૦૬ થી તથા પંચસાહેદ સમીર રઝબઅલીને આંક–૦૮ થી**</u> સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદો આંક–૦૭ ના બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે. પરંતુ સદર પંચસાહેદો એ તેઓની સરતપાસમાં માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૯.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં <u>**ફરીયાદી વિશાલભાઈ યોગેન્દ્રભાઈ ભટ્ટને આંક–૧૨**</u> થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ

તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૧૫ ની સાલમાં કોર્ટમાં નોકરી કરતા હતા. તેઓની સાથે અકસ્માતનો બનાવ બનેલ. બનાવ રાત્રીના પોણા અગીયારથી અગીયાર વાગ્યાની વચ્ચે બનેલ. બનાવના દિવસે તેઓ હરીસિધ્ધી માતાના દર્શન કરી પોરબંદરથી રાજકોટ જતા હતા. બનાવ વખતે સાહેદ તેમની ગાડી વેગનઆર તેઓની સાઈડમાં લઈને જતા હતાઅને તેઓની સાથે બીજી ત્રણ વ્યકિતઓ કીશોરભાઈ કારીયા, મીનાબેન કારીયા તેમજ કીશોરભાઈના સાઢુ હતા, જેમનું નામ તેઓને યાદ નથી. તે વખતે રાણાવાવ ટોલનાકાથી ૩–૪ કી.મી. રાજકોટ તરફ જતા એક બ્રીજ છોડયા બાદ એક ટ્રક રોંગ સાઈડે આવતો હતો. ટ્રકના નંબર શું હતા તેની તેઓને ખબર નથી. અકસ્માત થયા બાદ સદર ટ્રક ચાલક તેનો ટ્રક છોડીને નાશી ગયેલ અને ગાડીમાં બેઠેલ કીશોરભાઈ કારીયાને માથામાં ગંભીર ઈજા થયેલી. કીશોરભાઈને ફ્રેકચર થતા માથાના ભાગે ટાંકા આવેલા તેમજ મીનાબેન કારીયા ને હાથમાં ફ્રેકચર થયેલ તેમજ ગાડીમાં બેઠેલ બીજી વ્યકિત બેભાન થઈ ગયેલ તે વખતે રાજકોટ વોકહાર્ટ હોસ્પિટલની એમ્બ્યુલન્સ રાજકોટ તરફ જતી હતી, જેને ઉભી રાખતા તે ખાલી હોય તેમાં ઈજા પામનાર ઈસમોને બેસાડી ઉપલેટા પ્રાથમિક સારવાર માટે લઈ ગયેલ. ત્યારબાદ ઈજા પામનારાઓને રાજકોટ મુકામે મધુરમ હોસ્ટિપલની બાજુના દવાખાને લઈ ગયેલ. ત્યારબાદ ઈજા પામનારાઓને જી.ટી.શેઠ હોસ્પિટલમાં દાખલ કરેલા. જે ટ્રક રોંગ સાઈડે આવતી હતી, તેની ઝડપ ૬૫ થી ૭૫ ની હશે. બનાવ અંગે તેઓએ ફરીયાદ આપેલ, જે ફરીયાદ પરથી નોંધવામાં આવેલ એફ.આઈ.આર. **આંક–૧૩** માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેઓ આરોપીને ઓળખતા નથી અને જોઈને પણ ઓળખી શકે નહીં. સદર અકસ્માતનો બનાવ તા.૨૮/૧૦/૧૫ નાં રોજ બનેલ. અકસ્માત કરનાર ટ્રક બેફીકરાઈથી અને પુરઝડપે રોંગ સાઈડમાં આવેલો. તેઓએ તેમની ફરીયાદમાં અકસ્માત કરનાર ટ્રકના નં.જી.જે.૧૧.વી.૮૮૮૭ હતા તેવુ તેમની ફરીયાદમાં

લખાવેલ છે, તેવી હકીકત જણાવેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** પોરબંદર થી રાજકોટ જવા માટેનો હાઈવે એ નેશનલ હાઈવે છે. બનાવ બન્યો તે વખતે અંધારા નો સમય હતો. ફોરલેન રસ્તા ઉપર એક રસ્તા ઉપર બે વાહનો નિકળી શકે તેટલી જગ્યા હોય છે. તેઓએ આંક–૧૩ વાળી ફરીયાદમાં આરોપીનું નામ જણાવેલ નથી પરંતુ તેમના વિશેષ નિવેદનમાં જણાવેલ છે. અકસ્માત અંગે તેઓએ કલેઈમ કરેલ છે. જયારે તે સિવાયની અન્ય હકીકતો ને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૯.૩).આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ કિશોરભાઈ લખમશીભાઈ કારીયાને આંક–૧૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,તેઓ ફરીયાદીને ઓળખે છે, જે તેઓના મિત્ર થાય છે. વિશાલ ભટ્ટ સાથે એક અકસ્માતનો બનાવ બનેલ. તેઓ પાસે હાલ એક સ્કુટર છે અને અગાઉ તેમની પાસે મોટરકાર વેગન આર નં.જી.જે.૩. એફ.કે. ૭૯૭૯ હતી. અકસ્માતનો બનાવ ગઈ તા.૨૮/૧૦/૧૫ ના રોજ બનેલ. બનાવના દિવસે તેઓ હર્ષદ ખાતેથી રાજકોટ તરફ તેમની વેગનઆરમાં જતા હતા અને તે વેગનઆર વિશાલભાઈ ડ્રાઈવીંગ કરતા હતા અને તેઓ તથા તેમના પત્ની મીનાબેન તથા સાઢુભાઈ જય પ્રકાશ બધા હતા. અકસ્માતનો બનાવ પોરબંદરથી રાણાવાવ વચ્ચેના હાઈવે રોડ ઉપર બનેલ. બનાવ રાત્રીના દશ થી સાડા દશ વાગ્યે બનેલ. અકસ્માત કરનાર ટ્રક હતો. તેઓ રાજકોટ તરફ જતા હતા ત્યારે રાણાવાવ નજીક હાઈવે રોડ ઉપર અકસ્માત કરનાર ટ્રક રોંગ સાઈડમાં આવેલો અને અકસ્માત કરેલ. બનાવ વખતે ટ્રક ૭૦ થી ૮૦ ઝડપે આવેલો. અકસ્માતના કારણે તેઓને ડાબા હાથમાં તથા કપાળના ભાગે ઈજા થયેલ અને તેમના

પત્નીને જમણા હાથમાં ઈજા થયેલી તેમના સાઢુભાઈ અને વિશાલભાઈ ને સામાન્ય ઈજાઓ થયેલી. બનાવ વખતે તેઓ ડ્રાઈવર વિશાલભાઈની બાજુમાં બેઠેલા હતા. અકસ્માત થતા ટ્રકનો ડ્રાઈવર ટ્રક મુકી ભાગી ગયેલો. અકસ્માત તેઓએ પ્રથમ કુતિયાણા સરકારી દવાખાને અને બાદમાં રાજકોટ ખાતે સારવાર કરાવેલી. અકસ્માત કરનાર ટ્રકનો ડ્રાઈવર કોણ હતો તે અંગે તેઓને કોઈ જાણકારી મળેલ ન હતી. બનાવ અંગે વિશાલભાઈએ ફરીયાદ આપેલી તથા પોલીસે બનાવ અંગે તેઓની પુછપરછ કરેલી.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ **એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** રાણાવાવ થી ભોદ પાટીયાનો રસ્તો નેશનલ હાઈવે રોડ છે ત્યાં સતત વાહનોની અવર–જવર ચાલુ હોય છે. બનાવવાળો રસ્તો ફોર લાઈન રસ્તો છે, જેમાં આવવાના અને જવાના રસ્તા અલગ હોય છે. રાત્રીના દશ સાડા દશ વાગ્યે અંધારૂ થઈ ગયેલ હોય, લાઈટના અજવાળા ફુલ હોય સામેથી કયુ વાહન આવે છે તે દેખાય નહીં. બનાવ અંગે તેઓએ કલેઈમ કરેલ છે. જયારે તે સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

**(૯.૪).** આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ મીનાબેન કિશોરભાઈ કારીયાને આંક–૧૬</u>** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેણી ફરીયાદીને ઓળખે છે, જે તેણીના પતિ કિશોરભાઈના મિત્ર થાય છે તથા જય પ્રકાશભાઈ તેણીના બનેવી થાય છે. તેણી કોર્ટમાં હાજર આરોપીને નામથી ઓળખતી નથી પરંતુ જોઈને ઓળખી શકે. તેણીના પતિ, વિશાભાઈ તેમજ જયભાઈ સાથે એક અકસ્માતનો બનાવ ગઈ તા.૨૯ ઓકટોબર, ૨૦૧૫ ના રોજ બનેલ અને તે દિવસે શરદ પુનમ હતી. બનાવના દિવસે તેઓ હર્ષદ પુનમ ભરવા ગયેલા અને ત્યાંથી પરત રાજકોટ તરફ તેઓની વેગનઆર કારમાં જતા

હતા. તેણી ગાડીમાં ડ્રાઈવર શીટ ની પાછળની સીટ ઉપર બેઠેલી તથા જયભાઈ તેણીની બાજુમાં બેઠા હતા. તેણીના પતિ ડ્રાઈવર ની બાજુમાં બેઠેલા હતા અને વિશાલભાઈ ડ્રાઈવીંગ કરતા હતા. બનાવ રાણાવાવ- કુતિયાણા વચ્ચે રાત્રીના સાડા દશ થી અગિયારની વચ્ચે બનેલ. અકસ્માત કરનાર એક ટ્રક હતો જે રોંગ સાઈડ માંથી આવેલો. બનાવ વખતે ટ્રકની ઝડપ ૪૦ ની રહેલ હશે. બનાવના કારણે તેણીના પતિને કપાળના ભાગે ઈજા થયેલી અને ડાબા હાથમાં ફ્રેકચર થયેલ. તેણીની બંને હાથના કાંડાના ભાગે ઈજા થયેલી. જયભાઈ તથા વિશાલભાઈને શરીરે મુંઢ ઈજા થયેલી. અકસ્માત થતા ટ્રકવાળો ટ્રક મુકી નાસી ગયેલ. તેઓને થયેલ ઈજાઓ અંગે પ્રથમ કુતિયાણા સરકારી દવાખાને અને બાદમાં રાજકોટ જી.ટી.શેઠ ઓર્થોપેડીક હોસ્પિટલમાં સારવાર કરાવેલ અને ત્યાં તેણીના પતિનુ ઓપરેશન કરવામાં આવેલ અને તેણીના પતિના કપાળના ભાગે ટાંકા લેવામાં આવેલ. વેગનઆર કાર તેણીના પતિની હતી, જેના નં. ૭૯૭૯ હતા. બનાવ અંગે પોલીસે તેણીની પુછપરછ કરેલી.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેણીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** તેણી કારમાં પાછળ બેઠેલ હતી. રાણાવાવ થી કુતિયાણાવાળો રોડ ફોર લાઈન હાવે છે. બનાવવાળો રસ્તો ફોર લાઈન રસ્તો છે, જેમાં આવવાના અને જવાના રસ્તા અલગ હોય છે અને તે રસ્તા ઉપર વાહનોની સતત અવર-જવર ચાલુ હોય છે. બનાવ અંગે તેઓએ કલેઈમ કરેલ છે. જયારે તે સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

**(૯.૫).** આ કામે **<u>ફરીયાદપક્ષ તરફે સાહેદ જયપ્રકાશ રામજીભાઈ રૈયાણીને આંક-૧૮</u>** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદીને ઓળખે છે, જે તેઓની

ગાડીનું ડ્રાઈવીંગ કરતા હતા. મીનાબેન તેઓની સાળી થાય છે. તેઓ તથા વિશાલભાઈ તથા મીનાબેન સાથે એક અકસ્માતનો બનાવ ગઈ તારીખ:–૨૭/૧૦/૨૦૧૫ ના રોજ બનેલ. કિશોરભાઈ તેઓના સાઢુભાઈ થાય છે. બનાવના દિવસે તેઓ બધા વેગનઆર કારમાં બેસી હર્ષદ માતાજીના દર્શન કરવા ગયેલ અને ત્યાંથી રાજકોટ પરત ફરતા હતા. તેઓની વેગનઆર સફેદ કલરની હતી. તેઓની ગાડી વિશાલભાઈ ચલાવતા હતા અને તેની બાજુમાં કિશોરભાઈ બેઠા હતા તેમજ સાહેદ તથા મીનાબેન પાછળ બેઠા હતા. અકસ્માતનો બનાવ રાણાવાવની આજુબાજુ બનેલ. તેઓની ગાડીને અકસ્માત કરનાર એક ટ્રક હતો. બનાવ વખતે ટ્રક કઈ સાઈડ માંથી આવેલ તે હાલ તેઓને યાદ નથી. બનાવ વખતે ટ્રક કેવી રીતે આવેલ તેની તેઓને ખબર નથી, કારણકે તેઓ સુઈ ગયેલા. બનાવ વખતે રાત્રીના દશ–અગિયાર વાગ્યા નો સમય થયેલો. બનાવ માં સાહેદના સાઢુભાઈ કિશોરભાઈને માથામાં તથા હાથમાં ઈજા થયેલી તથા મીનાબેનને હાથમાં ઈજા થયેલી. સાહેદને કોઈ ઈજા થયેલી નહી. અકસ્માત બાદ ટ્રકનો ડ્રાઈવર ટ્રક મુકી નાશી ગયેલ. બનાવમાં ઈજા પામનારાઓને પ્રથમ ઉપલેટા અને બાદમાં રાજકોટ દિપકભાઈ શેઠના દવાખાને લઈ ગયેલ. ઈજા પામનારાઓના હાથના હાડકા ભાંગી ગયેલ. અકસ્માત કરનાર ટ્રકના ડ્રાઈવર અને નંબર વિશે તેઓને કઈ જાણવા મળેલ ન હતુ. બનાવ અંગે પોલીસે તેમની પુછપરછ કરેલ કે કેમ? તે તેઓને યાદ નથી. આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન ન આપતા તેઓને વિ.એ.પી.પી.શ્રી એ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત કરનાર ટ્રક રોંગ સાઈડમાં ફુલ સ્પીડમાં આવેલ અને કોઈ પણ સીગ્નલ આપ્યા વગર તેઓની કાર સાથે ભટકાડી અકસ્માત કરેલ. અકસ્માતમાં સાહેદને નાક ઉપર તથા

શરીરે મુંઢ ઈજા થયેલી.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ **એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** પોરબંદરથી રાજકોટ જતા રસ્તા ઉપર વાહનોની સતત અવર–જવર ચાલુ હોય છે. બનાવ બન્યો ત્યારે તેઓ ગાડીમાં પાછળ સુતા હતા. બનાવ કઈ રીતે બન્યો તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓનુ નામ ઠામ પુછીને તેમની રીતે લખી લીધેલ.

(૯.૬). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ સાહીદ મામદભાઈ આડતીયાને આંક–૨૦ થી</u>** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદી કે સાહેદોને ઓળખતા નથી. તેઓ કોર્ટમાં હાજર આરોપીને ઓળખે છે. સને–૨૦૧૫ ની સાલમાં તેમની પાસે મો.સાયકલ સિવાય બીજુ કોઈ વાહન ન હતુ. તેઓ આરોપી ડ્રાઈવીંગ કામ કરતા હોય અને તેઓ મજુરી કામ કરતા હોય, જેથી ભેગા હોય તેથી આરોપીને ઓળખે છે. આરોપી કઈ ગાડીનું ડ્રાઈવીંગ કરતા હતા, તે તેઓ જાણતા નથી પરંતુ છુટક ડ્રાઈવીંગ કરતા હતા. આરોપી કોઈ વાહન લઈને જતા હોય અને અકસ્માત થતા તે અંગેની જાણ તેઓને કરેલ હોય અને તે બનાવ વાળા સ્થળ તેઓ ગયેલ હોય અને તેઓએ કાંઈ જોયેલ હોય, તેવુ બનેલ નથી. આરોપીએ કોઈ અકસ્માત કરેલ હોય અને તે અંગે પોલીસે તેઓની પુછપરછ કરેલ હોય, તેવુ બનેલ નથી. આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ અંગે તેઓ કાંઈ જાણતા નથી. આરોપી ડ્રાઈવીંગ કામ કરતા હોય અને તેઓ તેમની સાથે મજુરી કામ

કરતા હોય, જેથી આરોપીને ઓળખે છે.

(૯.૭).આ કામે ફરીયાદપક્ષ તરફે **આ ગુનાની તપાસ કરનાર અમલદાર ભીખાભાઈ ટીનાભાઈ બાલસ ને આંક-૨૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ગઈ તા.૨૭/૧૦/૧૫ ના રોજ રાણા.પો.સ્ટે.ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન આ ગુનાની તપાસ તેઓને લેખિત ડેપ્યુટ હુકમથી મળેલ,જેમાં પી.એસ.ઓ.ડી.આર.બારૈયાની સહી ઓળખી બતાવેલ છે. આ કામે ફરીયાદી વિશાલ યોગેન્દ્રભાઈ ભટ્ટનાં ઓએ રાણા. પો.સ્ટે.ના પી.એસ.ઓ. રૂબરૂ પોતાની ફરીયાદ જાહેર કરેલ. આ કામની તપાસ દરમ્યાન તેઓએ લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આ કામની સમગ્ર તપાસ દરમ્યાન ટ્રક નં.જી.જે.૧૧.યુ.૮૮૮૭ ના ડ્રાઈવર રમેશ વેજા મકવાણા વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તેને તા.૦૮/૧૧/૧૫ ના કલાક ૧૮/૩૦ વાગ્યે ધોરણસર અટક કરી અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના પંચોને તેમણે બોલાવેલ પરંતુ પંચોના નામ તેઓને યાદ નથી. જયારે તે સિવાયની અન્ય હકીકતો ને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૦).. આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૩૧ તથા આંક-૩૨ થી ઈજા પામનારાઓના ઈજા અંગેના સર્ટીફીકેટર્સ રજુ રાખેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવાઓ સમર્થનકારક પુરાવા હોય, તેને ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે. જયારે ફરીયાદપક્ષના મહત્વના પુરાવાઓથી ફરીયાદ પક્ષના કેસને સર્મથન મળતું ન હોય, ત્યારે સમર્થનકારક

પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૧૧). આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં, આ કામે તપાસવામાં આવેલ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરેલ છે. જેથી આ કામે રજુ સદર પંચનામુ ફરીયાદપક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ ન હોય, ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં. વધુમાં, આ કામે ફરીયાદી એ તેઓની સરતપાસમાં અકસ્માતનો બનાવ બનેલ હોવાનું અને અકસ્માત સમયે બેઠેલ સાહેદ કિશોરભાઈ કારીયા અને મીનાબેનને ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓ આરોપી ને ઓળખતા નથી અને જોઈને પણ આરોપીને ઓળખી શકે નહીં. અકસ્માત સમયે આ આરોપી જ ટ્રક નો ડ્રાઈવર હતો તેવી હકીકત જણાવેલ નથી. વધુમાં, આ કામના ફરીયાદીએ અકસ્માત ને નજરે જોનાર સાહેદ છે, તેમ છતાં તેઓએ તેમની આંક–૧૩ વાળી ફરીયાદમાં આરોપીનું નામ જણાવેલ નથી, જે હકીકતનો સ્વીકાર તેઓએ આરોપી તરફેની ઉલટતપાસમાં કરેલ છે. વધુમાં, આ કામે અકસ્માત માં ઈજા પામનાર સાહેદ કિશોરભાઈ કારીયા અને મીનાબેન કારીયાએ તેઓની સરતપાસમાં તેમને અકસ્માતમાં ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓએ અકસ્માત કરનાર ટ્રકના નંબર તેઓને યાદ નથી, તેવી હકીકત જણાવેલ છે. તેમજ અકસ્માત કરનાર હાલના આરોપી જ હતા, તેવી કોઈ હકીકત પણ તેમની સરતપાસમાં જણાવેલ નથી. વધુમાં, આ કામે અકસ્માત સમયે ગાડીમાં હાજર સાહેદ જયપ્રકાશ રૈયાણીએ તેમની સરતપાસમાં અકસ્માતનો બનાવ બનેલ હોવાનું અને તેમાં સાહેદ કિશોરભાઈ અને સાહેદ મીનાબેનને ઈજા થયેલ હોવાની

હકીકત જણાવેલ છે. પરંતુ તેઓને અકસ્માત કરનાર ટ્રકના નંબર યાદ નથી, તેવી હકીકત જણાવેલ છે. આમ, ઉપરોકત તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ઘ્યાને લેતાં, આ કામે અકસ્માતનો બનાવ બનેલ હોવાનું અને તેમાં સાહેદ કિશોરભાઈ અને સાહેદ મીનાબેન ને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. પરંતુ સદર અકસ્માતનો બનાવ આરોપી જ સદર ગાડીના ચાલક હોય અને આરોપીની બેદરકારીના કારણે બનેલ હોય, તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વઘુમાં, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીએ તેઓની સરતપાસમાં અકસ્માત કરનાર ટ્રકની ઝડપ ૬૫ થી ૭૦ ની હોવાનું, સાહેદ કિશોરભાઈ કારીયાને અકસ્માત કરનાર ટ્રકની ઝડપ ૭૦ થી ૮૦ હોવાનું તથા સાહેદ મીનાબેન કારીયાએ અકસ્માત કરનાર ટ્રકની ઝડપ ૪૦ ની હોવાનું જણાવેલ છે. પરંતુ સદર ઝડપ અંગેની હકીકત તેઓએ અંદાજે જણાવેલી છે, અકસ્માત કરનાર વાહનનું સ્પીડો મીટર ચોકકસપણે જોયેલ હોય નહીં, જેથી વાહનની ઝડપ અંગેની હકીકત સંપૂર્ણપણે માની શકાય નહીં. જેથી આ કામે તપાસવામાં આવેલ ફરીયાદ તથા સાહેદોની જુબાની તથા ઉલટતપાસ જોતાં, ફરીયાદપક્ષ તેમનો કેસ આરોપી વિરૂઘ્ઘ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. જેથી તેઓ લાભ ચોકકસપણે આરોપી ને મળવા પાત્ર થાય છે. વઘુમાં, આ કામે તપાસવામાં આવેલ ત.ક. અમલદારે તેઓની ફરજ મુજબની તપાસ કરનાર તરીકે કાર્યવાહી કરેલ હોવાની હકીકત તેમની સરતપાસમાં જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ઘનો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૧૨)** તેમજ જો એમ માની લેવામાં આવે કે, ટ્રક લઈ આરોપી દ્વારા સદરહુ અકસ્માત કરવામાં આવેલ છે. ત્યારે આ કામે ઈ.પી.કો.ક.૨૭૯ જોતાં,

**I.P.C. Section 279. Rash driving or riding on a public way.** “ Whoever

drives any vehicle, or rides, on any public way in a manner so <u>*rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person,*</u> shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both."

સદરહુ કલમના તત્વો જોતા તેમાં જણાવ્યા મુજબ પુરઝડપ અથવા ગફલતભરી રીતે તેમજ બેદરકારીપૂર્વક ડ્રાયવીંગ કરવામાં આવે તો તે આ કલમ મુજબ સજાને પાત્ર બનશે.

આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત નુ જજમેન્ટ જોતાં <u>**ધી સ્ટેટ ઓફ કર્ણાટક વી. સતીષ (૧૯૯૮) એસ.સી.સી. ૪૯૩ માં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા ૪ માં જણાવેલ છે કે,**</u> "4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur"."

ઉપરોકત જજમેન્ટમાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે,માત્ર પુરઝડપનાં આધારે આરોપીને ઈ.પી.કો.કલમ-૨૭૯ માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ ઉપરના કેસમાં ફરીયાદી તથા સાહેદોએ આરોપીની બેદરકારીના

કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું જણાવતા નથી. આ કામના ફરીયાદી તથા સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ડ્રાયવરની બેદરકારી અને નિષ્કાળજીના કારણે બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. આમ, જયારે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળતું નથી. ત્યારે આ કામે ફરીયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાની જોતાં સદરહુ અકસ્માતનો બનાવ આરોપી દ્વારા જ કરવામાં આવેલો હોય અને આરોપીની પુરઝડપે અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય અને સાહેદોને ગંભીર ઈજા થયેલ હોય, તેવું સાબીત કરી શકેલ ન હોય જેનો સીધો લાભ આરોપી ને મળવાપાત્ર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, આ કામનાં આરોપીએ ગઈ તા.૨૭/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩/૩૦ ના સમયે રાણાવાવ–કુતિયાણા જતા રોડ ઉપર આશાબા પીરના પાટીયા નકજી પોતાના કબ્જા–હવાલાવાળી ટ્રક નં.જી.જે.૧૧.યુ.૮૮૮૭ ની હાઈવે રોડ ઉપર રોંગ સાઈડમાં પુરઝડપે,ગફલતભરી રીતે, માનવ જીંદગી જોખમાય તે રીતે કોઈ સિગ્નલ આપ્યા વગર ચલાવી ફરીયાદીની વેગનઆર કાર નં.જી.જે.૦૩.એફ.કે. ૭૯૭૯ સાથે ભટકાવી અકસ્માત કરી ફરીયાદી તથા સાહેદોને ફ્રેકચરની ઈજાઓ કરી નાશી ગયેલ હોય, તેવુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો પુરાવો વંચાણે લેતાં, જણાય આવતુ નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપ ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

- આ કામનાં આરોપી રમેશ વેજાભાઈ મકવાણા નાંઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૫૫ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૮૩, ૧૮૪, ૧૭૭,૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭ (એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂા.૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી માહે-એપ્રિલ સને-૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૨૮-૦૪-૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
(CODE No. GJ 01439 )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,રાણાવાવ.